બાલવાચન માળા

પુસ્તક પહેલું

શબ્દ પોથી

પ્રયોજક અને પ્રકાશક:
સોમાભાઈ ક્રીશાભાઈ પટેલ
સુણાવ (વાયા આણંદ)

બાલ વાચનમાળા

પુસ્તક પહેલું

શબ્દ પોથી

પ્રયોજક અને પ્રકાશક:
સોમાભાઈ ભીખાભાઈ પટેલ
સુણાવ (વાયા આણંદ)

આવૃત્તિ પહેલી

પ્રત ૧૬૫૦

સને ૧૯૩૪

કિંમત ૦-૧-૬

દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ—આણંદમાં ચીમનલાલ કીશીભાઇ પટેલે
પ્રકાશકને માટે છાપ્યું. તા. ૧૦ : ૭ : '૩૪

નિવેદન

છેલ્લાં થોડાંક વરસોમાં આપણું બાલસાહિત્ય ઠીક ઠીક સમૃદ્ધ થયું છે. છતાં વાચન શિક્ષણની શરૂઆત જ કરનારાં બાળકો માટે યોજાએલાં પુસ્તકો ઘણાં જ ઓછાં છે. બાલમંદિરનો મારો અનુભવ એવો છે કે નાનાં બાળકોને થોડાં પાનની ચોપડીઓ, પાનમાં થોડું અને છૂટું લખાણ, મોટા અક્ષરો અને તેમની કક્ષાનું એટલે તેઓ સમજી શકે એવું વસ્તુ જેમાં હોય એવી ચોપડીઓ વાંચવી ખૂબ ગમે છે. ઉપરનો અનુભવ ધ્યાનમાં રાખી છેક શરૂઆતનાં બાળકો માટે ક્રમિક વાંચનનાં દશેક પુસ્તકો આ માળા દ્વારા બહાર પાડવાની ધારણા છે.

આ માળાનું નામ મેં બાલવાચનમાળા રાખ્યું છે. આજે તો વાચનમાળા એટલે બાળપોથી અને બીજાં ૭ પુસ્તકો અને તેમાં પાઠો ખૂબ જ્ઞાન આપી દેવાની લાલચે મૂકેલા હોવાથી, માહિતીના કુચા બાળકો મેળવે એ માટે, આજની વાચનમાળાઓમાં નીરસ પાઠો ઘણા છે. આ પ્રણાલિને હું યોગ્ય ગણતો નથી. મારા નમ્ર મતાનુસાર તો બાળકોને વાંચતાં આવડે એટલે તેઓ તેમને ગમે એવાં નિર્દોષ વાંચનનાં પુસ્તકો વાંચી ધીમે ધીમે શિષ્ટ સાહિત્યને સમજવાની શક્તિ મેળવે એ વાંચન શિક્ષણનો હેતુ હોવો જોઇએ. આવી નિર્દોષ વાચનની બાળકો હોંશે હોંશે વાંચે એવી ચોપડીઓ બહાર પાડવાનો આ વાચનમાળા એક નમ્ર પ્રયાસ છે.

સ્વાતંત્ર્ય અને સ્વયંશિક્ષણના સિદ્ધાન્તો જેના પાયારૂપ છે તે મોન્ટીસોરી પદ્ધતિ અનુસાર કેળવણી લેતાં બાળકોના શરૂઆતનાં વાંચન માટે વપરાતી શરૂઆતની વાચનપોથી (Beginners reading book) નામની અંગ્રેજી ચોપડીની પેઠે આ માળાનાં

પાંચેક પુસ્તકો તો એકજ બાજુ છાપીને બહાર પાડવામાં આવશે. છેક નાનાં બાળકોને એવાં પુસ્તકો વાંચવાં વધારે ફાવે છે એમ પોતાના અનુભવ ઉપરથી ડો. મોન્ટીસોરી માને છે. આપણા બાલ-સાહિત્યમાં તો આ રીતે પ્રસિદ્ધ થતી આ પહેલી જ ચોપડીઓ છે.

માળાનું આ પ્રથમ પુસ્તક શબ્દપોથી છે. કક્કો બારાખડી શીખતાં જાય તેમ તેમ બાળકો તેઓ સમજી શકે એવા શબ્દો વાંચે એ જરૂરી છે. કારણકે ચાર પાંચ વર્ષનાં અક્ષરો અને બારાખડી શીખતાં બાળકો ત્રણ અક્ષરના શબ્દો પણ પહેલાં તો અર્થ સમજી વાંચી શકતાં નથી એવો મારો અનુભવ છે. એટલે આ પુસ્તકમાં પહેલાં બે જ અક્ષરના શબ્દો મૂકયા છે. વળી બાળકોને પરિચિત અથવા સહેલાઇથી સમજાવી શકાય એવા જુદી જુદી રીતે બનતા અને લગભગ બધી બારાખડીનો ઉપયોગ આવી જાય એવા શબ્દો મૂકવાનો પણ પ્રયત્ન કર્યો છે.

માળાનું બીજું પુસ્તક પણ શબ્દપોથી જ છે. તેમાં અમુક રીતે જથા વાર શબ્દો મૂક્યા છે. આવી રીતે જુદી જુદી રીતે શબ્દો મોટા અક્ષરે છૂટા છૂટા લખીને સુંદર શબ્દપોથીઓ બનાવી બાળકોને તે વાંચવા માટે આપી શકાય.

આ માળાનાં પુસ્તકોની જોડણી ગુજરાતી વિદ્યાપીઠના જોડણીકોશ અનુસાર રાખી છે.

આ માળાનાં પુસ્તકો સંબંધી સૂચનાઓ કરવાની સૌ કોઇને વિનંતિ છે.

તા. ૧૫–૭–'૩૪ **સોમાભાઇ કીશાભાઇ પટેલ**

પગ	ઘર
મગ	દર
વડ	તલ
થડ	ખલ
દડ	તજ
ધડ	ગજ
નળ	રસ
હળ	નસ

ધન	ફળ
ઊન	કળ
વન	ખસ
શાણ	કસ
રણ	દસ
મધ	ઈસ
મઠ	નવ
રથ	જવ

નાક	વાળ
શાક	કાન
ચાક	હાથ
કાચ	બાગ
દાળ	ઝાડ
ભાત	ડાળ
છાશ	પાન
ગાય	ભાઈ

ટાઢ	દવા
દાઢ	હવા
તાપ	ખભા
સાપ	સભા
વાઘ	ઘણા
ઘાસ	ચણા
છાણ	રજા
હાર	મજા

દાદા	નાના
મામા	માળા
કાકા	રાજા
સારા	કાળા
તારા	રાતા
બાપા	પાણા
માતા	દાણા
માસા	ધાણા

ઘી	કઢી
ખીર	પક્ષી
ગીત	કાકી
ગીધ	મામી
જીભ	ભાભી
તીર	પાણી
હીર	ગાડી
ઝીક	કીડી

પેટ	ઢેલ
તેલ	જેલ
કેળ	ઝેર
સેવ	પેણ
વેલ	ફેણ
બેટ	મેલ
ખેલ	વેર
શેઠ	કેરી

ટેટા	પુલ
ટેટી	સુખ
પેટી	દુખ
રેતી	ખુદા
ખેતી	કુઆ
થેલી	પુડા
ગેડી	મુખી
મેથી	ઋષિ

બ.બુ	૩
ઢ.બુ	ભૂખ.
ડ.મુ	મૂછ
ન.હુ	દૂધ.
મ.ધુ	ફૂલ.
બા.પુ	ધૂપ.
લા.ડુ	ફૂઈ
સા.બુ	જૂઈ

લોટ	ઘોલ
કોટ	ગોળ
નોટ	ખોળ
ડોલ	મોર
ઢોલ	મોત
મોર	ચોળા
બોર	કોઠી
ચોર	કોડી

૫૭૭

દોર	ટોપી
હોઠ	સોટી
મોભ	મોતી
છોડ	હોડી
મોઇ	છોડી
દડો	જોડો
ઘડો	ઘોડો
ખભો	લોટો

રંગ	આંખ
ઘંટ	પાંખ
હંસ	ચાંચ
દંડ	ખાંડ
ગંગા	માંસ
ઘંટી	વાંસ
પંખી	દાંત
કંકુ	તાંત

ગાંધી	વૈદ
ઘાંચી	બૈરી
કાંસુ	પૈસા
સારાં	છૈયા
ખારાં	સૌ
ખાટાં	ચૌદ
મીઠાં	કૌવો
તીખાં	પૌંઆ

મલમ	ધમણ
ચલમ	રમણ
કલમ	હરણ
બળદ	લસણ
અડદ	ઈયળ
બતક	કમળ
છગન	બરફ
મગન	મગસ

કાતર	હજામ
બાવળ	બદામ
વાદળ	તળાવ
કાગળ	બજાર
સાકર	વહાણ
ખાતર	કમળા
ફાનસ	કાગડા
માણસ	બટાટા

બકરી	કવિતા
ચકલી	બિલાડી
તકલી	દિવાળી
બરણી	લાકડી
કડછી	રબારી
મીઠાઇ	ખીચડી
શિયાળ	ટીકડી
નિશાળ	લીમડી

વેલણ	દેડકી
એરણ	કેવડો
ટેબલ	ચેવડો
રેશમ	જેઠાણી
દેવળ	શેઠાણી
ખેતર	કરેણ
નેતર	બહેન
કેસર	ખારેક

ઘુવડ	ઘુમાડી
મુગટ	ઘુંટણ
ગુલાબ	પૂંછડી
તુવેર	ડુંગળી
ધુપેલ	તુંબડી
પુતળી	બુઝારું
તુળસી	ચુરમું
ખુરશી	મરચું

પોપટ	ચોતરો
સોમલ	ચોરસ
મોરસ	નોરતાં
જનોઇ	ઓરત
પાવડો	કોયલ
ગોદડી	ચોપડી
કોથળી	પપૈયા
છોકરો	ગૌમાતા

ચંપલ	અંગારા
ચંચળ	ડંગોરો
ઉંદર	ડાંગર
કંસાર	ઝાંઝર
બંગડી	વાંદરાં
પતંગ	કાંસકી
સારંગી	શાંપડી
નારંગી	માંકડાં

માબાપો અને શિક્ષકોને

વાચન, લેખન અને ગણિત એ પ્રાથમિક શિક્ષણમાં જરૂરી વિષયો છે. આજે આપણી શાળાઓમાં વાચન શીખવવા માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ થઇ રહ્યો છે. મોટે ભાગે પ્રાથમિક શાળાઓમાં કરવતનો 'ક' એ, ખલનો 'ખ' એ, અને 'ક'ને કાનો 'કા' એ, 'ક' ને હ્રસ્વ ઇ 'કિ' એ એમ ગોખાવાય છે અને અક્ષરો ઘુંટાવીને લખતાં શીખવાય છે. આમ ગોખાવવું કેવળ નિરર્થક છે. એટલે શિક્ષક ભાઇઓએ આ જુની પદ્ધતિનો ત્યાગ કરવાની જરૂર છે.

જો કે બહુ જ થોડી ખરી પણ કેટલીક શાળાઓ વાંચન શીખવવામાં બીકન પદ્ધતિનો ઉપયોગ કરે છે. આમાં બાળકના મન ઉપર પહેલાં આખા વાકયની છાપ પાડી પછીથી શબ્દો અને છેવટ અક્ષરોની છાપ પડે તે રીતે કામ થાય છે.

વિસ્તાર ભયથી આ સ્થળે આ પદ્ધતિના દોષો સંબંધી વિશેષ નહિ લખતાં એટલું જ કહેવું બસ થશે કે ગૂજરાતે બાલશિક્ષણમાં વાચનશિક્ષણની આ પદ્ધતિ અજમાવવા જેવી નથી.

કેટલેક સ્થળે લખતાં શીખવવામાં ખંડ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે પહેલાં આડી સીધી ત્રાંસી વગેરે લીટીઓ, અર્ધગોળ વગેરે લખતાં શીખવાડી પછી અક્ષરો લખાવાય છે. વળી કેટલાક આજ ખંડો લખતાં શીખવતાં લીટી કાઢો એમ નહિ કહેતાં લાકડી કાઢો એમ કહે છે. પણ એ રીતે પણ લખાવે છે તો ખંડોજ. આ રીત પણ છોડી દેવા જેવી જ છે.

એક વાર મેં પૂજ્ય ગાંધીજીનો 'હરિજન બંધુ'માં છપાએલો

એક લેખ વાંચેલો. તેમાં તેમણે જણાવેલું કે વાંચતાં શીખવવા માટે બાળકના મન ઉપર અક્ષરોની ચિત્રની જેમજ સળંગ છાપ પડે એ રીતે શીખવવું જોઇએ. પ્રખ્યાત બાળ કેળવણીકાર ડૉ. મોન્ટીસોરીનો સિદ્ધાન્ત પણ એ જ છે. સ્પર્શેન્દ્રિયની કેળવણી પછી, રેતીઆ અક્ષરો ઉપર આંગળીઓ ફેરવતાં ફેરવતાં તે તે અક્ષરનો ઉચ્ચાર કરતા જવાનું અને બબ્બે અક્ષરોની જોડી એકી વખતે શીખે એવું મોન્ટીસોરી પદ્ધતિમાં છે. આમાં આંખની અને સ્પર્શની એમ બે ઇન્દ્રિયોનો ઉપયોગ સાથે જ થતો હોવાથી બાળકના મગજમાં અક્ષરોની છાપ વહેલી પડે છે એમ એમનું કહેવું છે. બધાં જ મોન્ટીસોરી બાલમંદિરો આ રીતે જ અક્ષરો શીખવે છે અને અમારો સૌનો અનુભવ એવો છે કે અક્ષરો શીખવવાની આથી વધારે સહેલી, સારી અને શાસ્ત્રીય રીત બીજી એક પણ નથી. બાળકો આ રીતથી બહુ જ થોડા દિવસોમાં એમને ખબર પણ ન પડે એ રીતે રમત કરતાં કરતાં અક્ષરો શીખી જાય છે. આ રેતીઆ અક્ષરો બહુ મોંઘા પણ નથી જ, અને તે ઘેર પણ સહેલાઇથી બનાવી શકાય એવા છે. એટલે અક્ષરો શીખવવામાં રેતીઆ અક્ષરોનો ઉપયોગ કરવો એ સૌથી સારું છે. બબ્બે અક્ષરોની જોડી શીખવવાની રીત ઉદાહરણ આપી નીચે જણાવેલી છે.

ધારો કે પહેલાં પ અને ગ એ બે અક્ષરો લીધા. હવે બાળક પહેલાં પ ઉપર આંગળીઓ ફેરવી મનમાં 'પ' 'પ' એમ બોલતો જાય. થોડી વાર એમ કર્યા પછી ગ ઉપર આંગળીઓ ફેરવે અને બોલતો જાય કે 'ગ' 'ગ'. પછી બન્ને પત્તાં બાળકની સામે મૂકી તેને કહેવું કે 'ગ' બતાવો, 'પ' બતાવો, અને બાળક જો સાચા જ અક્ષરો બતાવી શકે તો અર્ધીએક મિનિટ પછી વારાફરતી એક એક પત્તું લઇ પૂછવું કે આ શું ? આ શું ? અને જો બાળક

સાચું જ કહી શકે તો સમજવું કે તેને એ અક્ષરો આવડ્યા છે. બીજે દિવસે આગલે દિવસે શીખેલા અક્ષરોનાં પત્તાં બતાવી આ શું ? આ શું ? એમ પૂછી જોઇ તેને તે તે અક્ષરો આવડ્યા છે કે કેમ તેની ખાતરી કરી બીજી જોડીના અક્ષરો શીખવવા. આમ અક્ષરો પસંદ કરવામાં ક, ખ, ગ, એ ક્રમને અનુસરવાની જરૂર નથી.

જ્યાં આખા વર્ગને શીખવવાનું હોય અને જેઓ રેતીઆ અક્ષરો નહિ હોવાના અથવા બીજા કોઇ કારણે અક્ષરો ઉપર આંગળીઓ ફેરવાવી એક એક દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ન શીખવી શકે એમ હોય તેઓને માટે એક બીજી રીત નીચે સૂચવું છું.

પાટીઆ ઉપર મોટા અક્ષરે બબ્બે અક્ષરો એક નીચે એક લખવા, અને બાળકોને તેમનાં નામ બે ચાર વખત કહી પછી તેમની પાસે 'ગ' બતાવો, 'પ' બતાવો એમ બન્ને અક્ષરો વારાફરતી બતાવરાવવા અને પછી તેમને આ શું ? આ શું ? એમ પૂછવું.

મોન્ટીસોરી પદ્ધતિએ વાચન, લેખન કેમ શીખવાય એ સંબંધી વિશેષ જાણવા ઇચ્છનારે એ પદ્ધતિના જાણકારને પૂછવું અથવા તો "મોન્ટીસોરી પદ્ધતિ" એ નામના શ્રી. ગિજુભાઇના પુસ્તકનું ૧૧મું અને ૧૨મું પ્રકરણ વાંચી જોવું.

અક્ષરો શીખવ્યા પછી બારાખડી શીખવવા માટે મોન્ટીસોરી પદ્ધતિમાં 'ચલ' મૂળાક્ષરોની પેટી વપરાય છે. આ પેટીનો ઉપયોગ કરી મોન્ટીસોરી પદ્ધતિએ બારાખડી શીખવવી એ ઘણું સારું છે. પરંતુ જ્યાં સમૂહશિક્ષણ છે અને જ્યાં આ પેટી ન વસાવી શકાય એમ હોય ત્યાં શિક્ષકો નીચેની રીત અજમાવી જોશે તો મારું માનવું છે કે તેઓ સહેલાઇથી પોતાના વિદ્યાર્થીઓને બારાખડી શીખવી શકશે. પાટીઆ ઉપર એક અક્ષર કાઢવો અને તેની

નીચે બીજો અક્ષર કાના સાથે કાઢી બાળકને આ 'ક' અને આ 'કા' એમ કહેવું. પછી 'ક' બતાવો, 'કા' બતાવો અને છેવટ આ શું આ શું ? એમ પૂછી જોઇ તેનું જ્ઞાન દૃઢ કરાવવું. ક અને કા શીખવ્યા પછી કિ, કુ વગેરે નહિ શીખવતાં ખા, ગા, ઘા એ બધા અક્ષરો શીખવવા. અને પછી દીર્ઘ ઇ, હ્રસ્વ ઉ, એક માત્ર વગેરેની સંજ્ઞાઓ અક્ષરો સાથે કાઢતા જઇ આખી બારાખડી શીખવવી. સ્વરનાં ચિહ્નો એટલે ા, ી, ુ વગેરે લખવામાં ધોળાને બદલે કોઇ પણ રંગનો રંગિત ચાક વાપરી શકાય તો વધારે સારું.

વાચનશિક્ષણ સંબંધી વિશેષ બીજા પુસ્તકમાં કહેવામાં આવ્યું છે.

શિક્ષક ભાઇઓ, આ જમાનો પ્રગતિનો છે. બાળકો એ રાષ્ટ્રની સાચી દોલત છે અને એ બાળકો સમાજ આપણને સોંપે છે. આ નિર્દોષ બાળકો સારામાં સારી રીતે સહેલાઇથી શીખે એ રીતે તેમને શીખવવું એ આપણું કર્તવ્ય છે. હવે આપણે જુની પુરાણી કેવળ ગોખાવવાની પદ્ધતિનો ત્યાગ કરી બાલમાનસને અનુકુળ શાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવો જોઇએ. અંતમાં શિક્ષણસંસ્થાના ચાલકો એટલે લોકલ બોર્ડો અને મ્યુનિસિપાલિટીની સ્કૂલ કમિટિઓના હોદ્દેદારો પોતાની સંસ્થાઓમાં શાસ્ત્રીય પદ્ધતિએ શીખવાય એ માટે પૂરો પ્રયાસ કરે એવી વિનંતિ સાથે વિરમીશ.

સુણાવ
તા. ૧૫–૭–'૩૪

સોમાભાઇ કીશાભાઈ પટેલ

વ્યાકરણ અને ગણિત જેવા કઠિન અને ઉપયોગી વિષયોને તદ્દન શાસ્ત્રીય અને સહેલાઇથી શીખવવાની તદ્દન નવીજ પદ્ધતિ દર્શાવતાં પ્રત્યેક શિક્ષકો અને શિક્ષણ કાર્યમાં રસ લેનારાઓએ અવશ્ય વાંચવા યોગ્ય

મોન્ટીસોરી સિદ્ધાન્તોએ પ્રાથમિક ગણિત શિક્ષણ કિં. ૦-૧૨-૦

" " વ્યાકરણ શિક્ષણ કિં. ૦-૧૨-૦

છપાય છે ! છપાય છે !

બાલ વાચન માળાનાં આગળનાં પુસ્તકો

<u>પુસ્તક બીજુ</u> **શબ્દપોથી અને જોડાક્ષરપોથી** કિં. ૦-૨-૦ આમાં જોડાક્ષરો કેમ શીખવવા એ તેમજ વાચન સંબંધી ઉપયોગી અને મહત્વના વિચારો દર્શાવતો લેખ છે.

<u>પુસ્તક ત્રીજુ</u> **સુંદર પાઠો** કિંમત ૦-૨-૦ છેક નાના બાળકો રસથી વાંચે એવા સરસ પાઠો.

<u>પુસ્તક ચોથુ</u> **સુંદર પાઠો ભાગ ૨ જો** વગેરે વગેરે

લેખકનાં પુસ્તકો મળવાનાં મુખ્ય સ્થળો

સોમાભાઇ કીશાભાઇ પટેલ, સુણાવ, વાયા આણંદ

અને

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ.

આ ઉપરાંત નીચેના સ્થળોએથી પણ મળી શકશે.

સી. જમનાદાસની કંપની, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ.

પુ. સ. સહકારી મંડળ લીમીટેડ, વડોદરા.